સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૯૩૨૭૭૨૫૧

નિર્દોષ એકરાર કરતાં રંધાઇ જાય છે!
રંકોરે રાખ,ને ચિનગારી ચંપાઇ જાય છે!
- ને રંધાઇ જાય છે સંદર્ભ રાજકારણનો -
- ને રાહુલબાબા તો બોલે ને બંધાઇ જાય છે!

હાઈકુ

તાકે છે તીર
'વડાપ્રધાન પદ'
નિશાન પર..
(બોર્ડ-નિગમ-નિમણૂંકો)

થઇ ગ્યું મેલું
સત્તાની ગંદકીમાં -
'આપ'નું ઝાડુ!
(અપેક્ષાઓનું પુર)

ચિંતન

અર્થા અધીતાશ્ચ યૈર્વેદાસ્તથા શુદ્રાન્ન ભોજિનઃ ।
તે દ્વિજાઃ કિં કરિષ્યન્તિ નિર્વિષા ઇવ પન્નગાઃ ॥

ચાણક્ય નીતિનો આ શ્લોક વિદ્યા વેચનારા-વિદ્વાનો-બ્રાહ્મણો-યોગીઓ-કથાકારોને ચાબૂક મારે છે :

'જે વિદ્વાન-પંડિત-યોગી-કથાકાર-કર્મકાંડી બ્રાહ્મણ ધન-સંપત્તિ કમાઇ લેવાની વૃત્તિથી જ માત્ર વેદ-વિદ્યાનું અધ્યયન કરે છે અને કોઇ પણ જાતિનાં લોકોનું ધન-પ્રાપ્ત કરી પોતાનું પેટ ભરે છે એ વિષ-ઝેર જ ખાય છે આવા મનુષ્ય-પંડિતો ઝેર વિનાના સાપની જેમ કોઇ પણ કાર્ય માટે અસમર્થ-નકામા જ હોય છે.'

આજે સંસ્કૃતની પાઠશાળાઓ વિદ્યાપીઠો શરૂ થઇ સંસ્કૃતના પાયાના જ્ઞાનથી વેદ-ઉપનિષદ વ્યાકરણ-જ્યોતિષનું જ્ઞાન આપવામાં આવે છે. આ દિવ્ય જ્ઞાનનો અભ્યાસ કરવા પાછળનો જો બ્રાહ્મણ-વિદ્વાનનો આશય-કર્મકાંડ-કથાઓ કરીને 'કમાઇ લેવા'નો હોય તો એ યોગ્ય નથી સંસ્કૃતમાં જ્ઞાનનું મોક્ષનું દિવ્ય જ્ઞાન આપે છે. સાધન સંપત્તિ વિકસાવવાનું સાધન તો નથી જ.

આજના રામદેવ બાબા જેવા યોગીઓ-(મહેશ યોગી) યોગ વિદ્યા-આયુર્વેદનું જ્ઞાન વેંચી કમાણીની કોલેજ વિદ્યાપીઠો ખોલી કમાણીના કારખાનાં ખોલી બેઠા છે. સત્તા અને સંપત્તિ સિવાય એમનું કોઇ લક્ષ્ય નથી આવા લોકો 'નકામા' થઇ ફેંકાઇ જાય છે. બદનામ થાય છે. જેલમાં જાય છે. આશારામ-નારાયણના જ્ઞાન વેંચી કમાણી કરનારાની હાલત-આપણે નજરો-નજર જોઇએ જ છીએ. દાનની બાબત છે કમાણી કરવાની નહીં. મિડિયમન સ્કૂલો - આ ક્યારે સમજશે?!

સુવિચાર

- સાધારણ માનવી પોતાની ભૂલ માટે બીજાને દોષિત ઠરાવે છે, અલ્પજ્ઞાની પોતાની જાતને અને વિશેષ જ્ઞાની કોઇને પણ દોષિત ઠરાવતો નથી - *પ્લુટાર્ક*
- ભૂલ કઇ રીતે થઇ ગઇ તે સમજવામાં જેટલો સમય જાય છે તેનાં કરતાં ઓછા સમયમાં તે ભૂલ સુધારી શકાય છે - *ફ્રાન્સિસ બેકન*
- ભાગ્યની બાબતમાં એક તો નિશ્ચિત જ છે કે તે જરૂરથી બદલાશે જ - *અરબી કહેવત*
- અલગ અલગ દેશની અલગ અલગ ભાષાઓ છે પણ માતૃભાષા સિવાય આપણી આશાઓ કોઇ પુરી કરી શકતું નથી - *જ્ઞાનસૂત્ર*
- પ્રારબ્ધ એ ઇશ્વરનું તખલ્લુસ છે, પ્રભુ જે કૃતિને પોતાનું નામ નથી આપવા માંગતો તેને તે પ્રારબ્ધનું તખલ્લુસ અર્પણ કરે છે - *ઓશો*
- ભાષાની બે ખાણો છે એક પુસ્તકો અને બીજુ લોકોની વાણી - *એસ. ભટ્ટાચાર્ય*
- પૈસો કમાઇ જાણે અને યોગ્ય રીતે ખર્ચી જાણે તે જ મહાજન કહેવાય - *ગુણવંત શાહ*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

જીવનમાં સુખ-શાંતિનો અનુભવ કરવો હોય તો એક મંત્ર યાદ રાખો. 'રાગનો ત્યાગ કરો એ ત્યાગનો રાગ કરો' જીવનમાં 'છોડવા'થી જ સુખ અનુભવાશે. મોજ-શોખ-મોહ-માયા-સંબંધ-નો ત્યાગ-છોડતાં શીખો.

સંસારિક સંબંધો, સમૃદ્ધિઓ, શોખ એ હાડકાનાં ટૂકડાં જેવા છે. શુષ્ક હાડકાનાં ટૂકડાંમાં લોહી, માસ જેવું કોઇ જ 'સ્વાદિષ્ટ' તત્ત્વ નથી હોતું એ કઠણ હાડકાં પાછળ છતાં ય કૂતરૂં હૈરાન પરેશાન થાય છે.

એક મુમુક્ષુને સંસાર છોડવા સંત સમજાવતા હતા. પણ પેલો સંસારી સ્નેહ સંબંધ-પ્રેમ-લાગણી વાત્સલ્યને કારણે સંસારનો ત્યાગ કરી શકતો ન હતો. એવામાં એક કૂતરો મોઢામાં લોહી-લુહાણ હાડકું લઇ દોડતો દાખલ થયો. એના પાછળ બીજા બે ત્રણ-કૂતરા પાછળ પડ્યા હતા. અને એને બચકાં ભરવા લાગ્યા.

કૂતરાએ હાડકું મોઢામાંથી કાઢી નાખ્યું અને બીજાને ઉંચકી લીધું. પેલો ઘવાયેલો કૂતરો એક તરફ દિબાતો બેસી રહ્યો. હવે બીજા કૂતરો જેના મોઢાં હાડકું હતું બીજા કૂતરા તેના પાછળ પડ્યા.. જે હાડકું છોડી દે તેને બીજા કૂતરા છોડી દેતા હતા!

રસ વગરનાં હાડકાં જેવા મોજશોખનું પણ આવું છે. સ્નેહ-સંબંધો-પણ આ પ્રકારે આપણને બાંધી રાખે છે. સુખી થવા છોડતાં શીખો!

સંતે, સંસારી ને આ વાત કૂતરાંનાં 'હાડકું છોડવાની' ક્રિયાથી સમજાવી.

Email - sureshchandrabhatt18@gmail.com

બાળકના માનસિક વિકાસની ખેવના કરનારા સૌ માટે ખુબ જ ઉપયોગી અને બાળસાહિત્યને સમૃદ્ધ કરનારા છે આવા કેટલાંક પ્રકાશનો વિશે જાણીએ

સાભારા સ્વીકાર સેતુ

તાજેતરમાં બાળ સાહત્યમાં ખુબ જ અગત્યનું અને રૂપકડાં ગમી જાય તેવાં પુસ્તકો અને સંદર્ભ સાહિત્યના ગ્રંથો તેમજ સામાયિકો વિશેષાંક રૂપે પ્રગટ થઇ રહ્યાં છે. જે બાળકો, વાલીઓ, શિક્ષકો તેમજ બાળસાહિત્યમાં રસ ધરાવતાં અને બાળકના માનસિક વિકાસની ખેવના કરનારા સૌ માટે ખુબ જ ઉપયોગી અને બાળસાહિત્યને સમૃદ્ધ કરનારા છે આવા કેટલાંક પ્રકાશનો વિશે જાણીએ.

● ગુજરાતી બાળસાહિત્યનું સર્વાંગી દર્શન
સંપાદન - સાંકળચંદ પટેલ

તાજેતરમાં પ્રાપ્ત થયેલ આ પુસ્તકમાં બાળસાહિત્યનું સ્વરૂપ, હાલમાં અવિદ્યમાન સાહિત્યકારો અને બાળસાહિત્યમાં તેમનું યોગદાન, ગુજરાતી બાળસાહિત્યનું વિહંગાવલોકન, બાળ સાહિત્યના ઉદ્દેશો, ગુજરાતી બાળસાહિત્યનું વિવેચન, આપણું બાળ સાહિત્ય, વારસો અને વપરાતો, ગુજરાતીના બાળ સામયિકો, બાળ નાટકો, ગઈકાલ અને આજનાં, જેવા લેખો જાણીતા બાળસાહિત્યકારો યશવંત મહેતા, ડૉ. બેચરભાઈ પટેલ, સોમાભાઈ વી. પટેલ, શ્રદ્ધા ત્રિવેદી, ઈશ્વર પરમાર, હુંદરાજ બલવાણી, નટવર પટેલની કલમેથી મળે છે. તે ઉપરાંત બાળ સાહિતિયકારોની આત્મ સ્વીકૃતિઓ રૂપે ૯૦ જેટલા બાળસાહિત્યમાં ખેડાણ કરનારા લેખકોના પરિચય અને એક જાસા ચિઠ્ઠી રૂપે બાળસાહિત્યના ભવિષ્યની ખેવના કરનારો લેખ મળે છે. ૨૯૬ પાનાંના આ દળદાર ગ્રંથની કિંમત રૂા. ૩૮૦.૦૦ છે. જે રસાદે પ્રકાશન અમદાવાદ દ્વારા પ્રગટ કરવામાં આવ્યો છે.

● બાલસૃષ્ટિ

બાળ સાહિત્યકાર વિશેષાંક - ૧ અને ૨ (હાલમાં જ પ્રગટ થયેલ છે.)

ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા પ્રગટ થતાં અને સમગ્ર ગુજરાતમાં પ્રાથમિક સ્કૂલોમાં બહોળો ફેલાવો ધરાવતાં આ સામયિક દ્વારા બાળ સાહિત્યકારોના વિસ્તૃત પરિચય સાથેના અંકોના દરેક અંકમાં ૭ જેટલાં બાળ સાહિત્યમાં લેખક કરનાર કવિઓ, લેખકોનો પરિચય પ્રગટ કરવામાં આવ્યો છે. તે ઉપરાંત વાંચવા લાયક પુસ્તકોની માહિતી, જ્ઞાનપુંજ અન્વયે સામાન્ય જ્ઞાનની વૃદ્ધિ થાય તેવી પ્રશ્નોત્તરી, બાળકોનાં પાનામાં બાળકોનાં વિચારો અને ચિત્રો તેમજ ભાવ-પ્રતિભાવ જેવાં કોલમો દ્વારા બાળકોને વાંચવું ગમે તેવું રૂપકડું, સુંદર અને રંગબેરંગી સામયિક તેના તંત્રી અને સંપાદકોના દૃષ્ટિકોણનું પ્રતિબિંબ પાડતું પ્રગટ થઈ રહ્યું છે તેનું વાર્ષિક લવાજમ રૂા. ૮૦/- છે.

● વન પરીનું ઝાંઝર
- વન પ્રેમની બાળકિશોર કથાઓ.
લે - નટવર હેડાઉ

વન ભ્રમણ દરમિયાન ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાં લોકમુખે ચર્ચાની લોકકથાઓ, સત્ય ઘટનાઓ અને પ્રકૃતિ શિક્ષણ પ્રવૃત્તિના ભાગરૂપે બાળકો સમક્ષ લેખકે વ્યક્ત કરેલી વનપ્રેમની બાળ કિશોર કથાઓનાં આ પુસ્તકમાં ૧૪ જેટલી બાળવાર્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં લેખકના સ્વ.અનુભવ સાથે સ્થળનો ઈતિહાસ, ભૌગોલિક પરિસ્થિતિ, વાતાવરણ અને પર્યાવરણીય માહોલની અભિવ્યક્તિ ઉડીને આંખે વળગે તેવી છે. જે બાળકની સંવેદના, જીજ્ઞાસાને જગાડીને લાગણી તંત્રને સ્પર્શી જાય તેવી છે. જેમાં રાજાની સમાધી, વડલાની વાત, ચમત્કારી વાત, વાહ! વનકન્યા, જંગલનો મહેમાન, ડુંગરને નવડાવ્યો, દેડકાંની દોસ્તી, પતંગીયાનો પ્રવાસ, ફૂલ અને પંખીની મિત્રતા તેમજ વન પરીનું ઝાંખર વાર્તાઓ સમાવવામાં આવી છે. અમૃતભાઈ ચૌધરી અને પ્રણવ પ્રકાશન અમદાવાદ દ્વારા પ્રગટ થયેલ આ પુસ્તકની કિંમત રૂા. ૮૦/- છે. પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩.

● હાથીરાજા ભાગી ગયા
બાળ વાર્તાઓ
લે. તથાગત પટેલ

બાળકો સાથે બાળક થઈને વાર્તા કરવાનું જેમને ગમે છે તેવા લેખકને બાળકોની તાજગી, ઉત્સુકતા, જિજ્ઞાસા, અથાક રમતો સ્પર્શી ગયાં છે. ક્યારેક એવાં ભૂલકાંઓનાં સૂચનથી બાળવાર્તા લખવા પ્રેરાયેલા લેખક તેમને પસંદ એવા પાત્રો રચીને કેવી સુંદર મજાની બાળવાર્તાઓ આપે છે. તે તો વાંચીએ ત્યારે જ ખબર પડે. આ પુસ્તકમાં કુલ - ૧૮ જેટલી વાર્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે તેનું વિષય વૈવિધ્ય જોતાં બાળકોને તે જરૂરથી ગમી જાય તેવી લાગ્યા વિના રહેતું નથી. જેમ કે હાથી રાજા માની ગયા, બિલાડીની ચતુરાઈ, કાગડો તમને પકડવા બેઠો છે, ઘેટાં બકરાંનો જીવપ્રેમ, મહેનત સાથે સફળતા આવે, પક્ષીનું બચ્ચું બચી ગયું, બુલબુલોએ માંફી માંગી. માછલીનો નવો મિત્ર, આઘાં જાઓ - આઘાં જાઓ. માટે પણ દાદા જેવા હોંશિયાર થવું છે. આ સંસ્કાર દરેક શાળાએ આપવા જોઈએ, ખેતીની વાત, ખેડૂતનો દીકરા પાસેથી, કલન પ્રથમ નંબર શા માટે લાવે છે? મા એ કમળની વાત માની, બાળકો એ પણ સમજવા જેવું, ધીરજનાં ફળ મીળાં, પ્રાણીઓનો મેચનો આનંદ, છંછુદરે ફરજ બજાવી. આ વાર્તાઓ ટૂંકી છતાં પ્રેરક અને બાળ મનને ગમી જાય તેવી છે ડિવાઈન પબ્લિકેશન અમદાવાદ દ્વારા પ્રગટ કરવામાં આવેલ પુસ્તકની કિંમત રૂા. ૭૦/- પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩.

● ચિમ્પુ દાદા
બાળવાર્તાઓ
લે - તારિણીબેન દેસાઇ

ચિમ્પુદાદા સાથો દોસ્તીની વાત કરતાં લેખિકા મુંબઈમાં સતાં અને પોતાના બાળકોને પ્રાણીબાગ જોવા લઈ જતાં તે સમયથી તેમનાંમાં પડેલ વિસ્મયનો ભાવ તેમના બાળ સાહિત્ય સર્જનમાં ઉપયોગી નીવડ્યો છે. તે સાથે બાળકોએ સંસ્કૃતિ અને સંસ્કાર અંગે કંઈક બાળકોની ભાષામાં કહેવાનું મન થયું તેના ભાગરૂપે સર્જાઈ સુંદર મજાની આ બાળવાર્તા સળંગ ૪૦ પાનાં સુધી કહેવાયેલી ચિમ્પુ દાદા સાથે બાળકોની દોસ્તીની આ કથામાં બાળકોને ગમતાં વાંદરાની વાત, તેમને સીંગચળા ખવડાવી ખુશ થતાં બાળકોનાં આનંદને અભિવ્યક્ત કરવામાં આવ્યો છે. ડિવાઈન પબ્લિકેશન અમદાવાદ દ્વારા પ્રગટ કરવામાં આવેલ આ પુસ્તકની કિંમત. રૂા. ૫૦ છે. પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩

● રાજાનો ઠાઠમાઠ
બાળ નાટકો
લેખક - હુંદરાજ બલવાણી

આ પુસ્તકમાં બાળનાટકની પ્રવર્ત રહેલ મુશ્કેલીને ધ્યાને લઇ લેખકે કેટલીક જાણીતી વાર્તાઓ અને લોક કથાઓનાં નાટ્ય રૂપાંતર કર્યા છે. જેમાં જાણીતી વાર્તાઓને નાટક સ્વરૂપે રજૂ કરતી વખતે મૂળ વાર્તાઓનો ફક્ત આધાર જ લેવામાં આવ્યો છે. મૂળ કથાઓને નાટક રૂપે બહેલાવીને રજૂ કરી છે. તેના સંવાદો અને રજૂઆત તદ્દન મૌલિક છે. બાળકોને વાંચવામાં અને ખાસ તો ભજવવામાં રસ પડે એ રીતે નાટકો રજૂ કર્યાં છે. દરેક રચનામાં કોઈ ને કોઈ સંદેશ પણ છે. તેમાં ખાસ નોંધપાત્ર બાબત એ છે કે સંદેશ નર્યા બોધનાં સ્વરૂપમાં નથી આવતો. પાત્રોની ઓછી સંખ્યા પુસ્તકમાં કુલ-૬ નાટકો આપણને મળે છે. (૧) રાજાનો ઠાઠમાઠ (૨) મરઘીનું બચ્યું (૩) રાજાઓ અને કાચબો (૪) ચુરમાના લાડુ (૫) બધાં રડવા લાગ્યા (૬) હાથીનું નાક.

ડિવાઈન પબ્લિકેશન દ્વારા પ્રગટ કરવામાં આવેલ આ પુસ્તકની કિંમત રૂા. ૫૦/- છે. પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩

● મુલ્લા નસરૂદ્દીન
લેખક - કનુ પેઢામલીકર

આ કથા એવા ઈન્સાનની છે જે શરૂથી જ લોકોને હસતાં હસતાં ગમ-દુઃખ ભૂલવાની રાહ બતાવી રહ્યો છે. મુલ્લા સદા ખુલ્લંખુલ્લા ચેલેન્જ આપતા રહે છે. લુચ્ચાઈ તો એના સ્વભાવમાં નથી. ખુદ બાદશાહ હોય, કોર્ટનો કાજી હોય કે પછી કોઈ સામાન્ય ચોર સૌને એ પોતાની મશ્કરા અદાથી પાઠ ભણાવતાં રહે છે. ખુબ જ રમૂજ ભરી શૈલીમાં આ અજબ ઈન્સાનની વાતો કરવાની લેખકે કોશિષ કરી છે. તે સાથે ચિંત્રાકન પણ દિલને આનંદ અપાવે તેવું કરવામાં આવ્યું છે. મુલ્લા નસરૂદ્દીન સૌના દિલમાં ગરીબો પ્રત્યે દયા ઉઠે અને દગાબાજ - લુચ્ચા - તરકટી જુલ્મી શાસકો પર હાવી થઈ શકે તેવી નેમ સાથે સંગ્રહમાં ૩૨ જેટલી હાસ્યનું હુલ્લડ સર્જતી મુલ્લા નસરૂદ્દીનની પરાક્રમ કથાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ડિવાઈન પબ્લિકેશન દ્વારા પ્રગટ થયેલ આ પુસ્તકની કિંમત - રૂા. ૧૫૦/- પ્રથમ આવૃત્તિ - ૨૦૧૩

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

સુંદરતાને વધુ સુંદરતા સાથે - સુંદરતમ સાથે સંબંધ છે, ઈષ્ટ સાથે સંબંધ છે

When a true genius appears in the world, you know him by this sign; the dunces are all in confederacy against him.

- Jonathan Swift

(બધી જ વસ્તુઓ તેજસ્વી અને સુંદર છે, બધાં પ્રાણીઓ- કોઈ મોટાં છે તો કોઈ નાનાં છે. પણ એ બધું જ શાણપણથી ભરેલું અને અદ્‌ભુત છે, કારણ કે તે ભગવાનનું સર્જન છે.)

સુંદરતાને કોઈ ચોકઠામાં ન બાંધી શકાય. એ સાપેક્ષ હોઈ શકે છે ને નિરપેક્ષ પણ. કોઈને એક જગ્યાએ સુંદરતા દેખાય પણ બીજાને ન પણ દેખાય. આમ થવા પાછળ સાપેક્ષ દૃષ્ટિકોણ કારણભૂત હોય છે. પણ ઊગતી સવારે પૂર્વાકાશની લાલિમા અને રંગબેરંગી ફૂલો પર ઊડતાં પતંગિયાં કોઈને પણ સૌંદર્યની પ્રતીતિ કરાવે. આ નિરપેક્ષ સૌંદર્ય છે.

સૌંદર્ય સાથે સંવાદ રચવાની ક્ષમતા પ્રત્યેક જણે અલગ હોય છે. દરેકનો અભિગમ પણ તેમાં ભિન્ન હોય છે. સામાન્ય જણાતી બાબતમાં સૌંદર્યનું દર્શન કરી શકનારની સંવેદના તીવ્ર હોય છે. તીવ્ર સંવેદનશીલતા અણિશુદ્ધ ધ્યાન સાધી આપવામાં સહાયક બની રહેતી હોય છે. ધ્યાનથી હૃદયમાં વિશાળતા આવે છે પછી સુંદરતા શોધવાની જરૂર પડતી નથી. સુંદર જોતાંજોતાં વ્યક્તિ સ્વયં સુંદરતાનો પર્યાય બની રહે છે. એણે સુંદરતા પાસે જવું પડતું નથી. સૌંદર્ય જ એની પાસે સામે ચાલીને આવે છે. આ ક્ષણે કવિ પાસે કવિતા સ્વયં આવતી હોય છે ને ચિત્રકાર પાસે દૃશ્ય. કલાકારને સ-રસ કૃતિ સર્જવા માટે ઈશ્વર માધ્યમ બનાવે છે તે આ રીતે. આપણા ભક્તકવિઓ આનાં ઉત્તમ ઉદાહરણ છે.

પ્રકૃતિને આત્મસાત્ કરતા જઈ એને માટે જીવન ન્યોચ્છાવર કરી દે છે. તેમાં સંતો અને કલાકારોને મૂકી શકાય. કલાકારો શબ્દમાં કવિતા, પથ્થરમાં શિલ્પ અને દૃશ્યમાં ચિત્ર જોઈ શકે છે, તે રીતે સંત પ્રત્યેકમાં ઈશ્વર જોઈ શકે છે. અલબત્ત, કલાકાર અને સંતમાં એક પાયાનો તફાવત છે: સંત મૌન હોય છે, જયારે કલાકાર વ્યક્ત થતો હોય છે. સંતની મુખરતામાં પણ મૌન હોય છે. જયારે કલાકારના મૌનમાં મુખરતા જોવા મળે છે. કલાકાર માટે અભિવ્યક્તિ જરૂરિયાત હોય છે. જે વળગણ પણ છે. સંતને તેની કોઈ જરૂરીયાત હોતી નથી. ઈચ્છાશૂન્ય બની રહીએ પોતે જ પ્રકૃતિનો અંશ બની રહે છે. પ્રકૃતિથી એ પૃથક નથી. એને અભિવ્યક્તિની શી જરૂર છે? અનાસક્તિ દ્વારા સંતત્વનું મહત્તમ પ્રાગટ્ય થતું હોય છે.

ધીરો એનાં કાવ્યો ભૂંગળીમાં મૂકી પાણીમાં વહાવી દેતો. વિનોબાજીએ કવિતાઓ લખી હતી, જે એમણે અગ્નિને સમર્પિત કરી હતી. ચૈતન્ય મહાપ્રભુએ ભાષ્ય લખ્યું હતું તે એમણે ટુકડેટુકડા કરી જળને અર્પણ કરી દીધું હતું. કશો જ મોહ નહીં, ક્ષણમાં છોડી દેવાની આ વૃત્તિ તે જ સંતત્વ. આવા સંતત્વમાં જ સુંદરતા છે, શિવ કલ્યાણ છે અને સત્ય પણ.

સુંદરતાને વધુ સુંદરતા સાથે - સુંદરતમ સાથે સંબંધ છે, ઈષ્ટ સાથે સંબંધ છે. કોઈએ કહ્યું છે : જે સુંદર છે તે સારું છે અને જેનામાં સારપ છે તે જલ્દી સુંદરતા ધારણ કરશે.

માના ચહેરા પર કરચલી હોય, દાંત પડી ગયા હોય અને એનું શરીર ક્ષીણ થઈ ગયું હોય તોપણ એ હંમેશા સુંદર જ હોય છે. માનું સૌંદર્ય શાશ્વત હોય છે, કારણ કે મા હંમેશા સારી હોય છે. પ્રેમાળ હોય છે.

દોસ્તોએ વસ્કીએ એની માસ્ટર પીસ નવલકથા 'બ્રધર્સ કારામોઝોવ'માં એક જગ્યાએ લખ્યું છે, 'સુંદરતા રહસ્યમય જ નહીં, ભયંકર પણ હોય છે. ભગવાન અને શયતાન ત્યાં લડયા કરે છે, જયાં મનુષ્યનું હૃદય રણમેદાન હોય છે.'

અક્ષયપાત્ર

સુંદર જુઓ સુંદર બનો

- બકુલ દવે

કોઈએ કહ્યું છે : જે સુંદર છે તે સારું છે અને જેનામાં સારપ છે તે જલ્દી સુંદરતા ધારણ કરશે

રેવાબા કોઈને ઘેર જાય તો કામ જાતે શોધી લે, ઘરના બધા કામ આવડે જેવાં કે દળણું કરવું, વિણવું વગેરે... રેવાબાનું અન્યના ઘેર જવું જેટલું સહજ સામેના માણસનું સ્વીકારવું એટલું જ સહજ

રેવા બા

- જયંતિભાઈ નાયી

જાણીતા સર્જક સ્વ. ઇશ્વર પેટલીકરે તેમના એક પુસ્તક 'ધૂપસળી'માં આપણા મૂકસેવક પૂ. રવિશંકર મહારાજ વિશે લખ્યું છે કે "મહારાજ જેની સાથે વાત કરતાં હોય તેને એટલું અચૂક લાગતું કે મહારાજને સૌથી વધારે પ્રેમ મારા પર છે." કેટલાંક માણસો એવા હોય છે કે સૌને પોતાના લાગે. આવા માણસોને કામ કરવાની જ નહીં પણ દિલ પરોવીને કામ કરવાની 'કુટેવ' હોય છે. તેઓને અપેક્ષા હોય છે, લાલચ નહીં, લાલચ કામ કરાવે છે જયારે અપેક્ષા હોય છે, લાલચ નહીં, લાલચ કામ કરાવે છે જયારે અપેક્ષા એ કરેલા કામમાંથી સહજ જન્મતી હોય છે. અપેક્ષા ન સંતોષાય ત્યારે કામ કર્યાનો અફસોસ થતો નથી. આવા લાલચથી પણ એવા માણસોનું સર્જન ઇશ્વરે ઠેર ઠેર કરેલ છે. એટલે જ તો "બહુરત્નવાવશુધરા" કહેવાયું છે અને આપણા કવિ મનિષિ ઉમાશંકર જોષીએ તો લખ્યું છે કે :

મોટાઓની અલ્પતા જોઇ થાક્યો
નાનાની મોટાઇ જોઇ જીવું છું.
(સમગ્ર કવિતા પા.૫૩૧)

આવા જ એક નાના માણસ એટલે મારા ગામમાં રાવળ યોગી સમાજ અને શ્રમજીવી પરિવારમાંથી આવતા રેવાબા. ઉંમર જોતા ૮૦ વટાવી ગયેલા પણ ગામ આખું એમને રેવા કહીને સંબોધે. તેઓની સ્ફૂર્તિ અને કાર્યક્રમ જોતાં આળસ તેમની નજીક આવવાની હિંમત ન કરે. શ્રમજીવી સાથે શ્રમપ્રેમી પણ એટલા જ.

ગામની આંગણવાડીમાં પૂરાં ૧૯ વર્ષ તેડાગર તરીકે કામ કર્યું. દરેક બાળકને રેવા-બા પોતાના લાગે કારણ કે બાળક જે પરિવારમાંથી આવે તે પરિવારને તે પોતાના લાગે. કેટલાંક બાળકોનો તો જન્મ પણ રેવાબાએ જ કરાવ્યો હોય. દાયણની કામગીરીમાં જાણીતાં અને વિશ્વાસુ. આજે પણ ગૌરવભેર કહે 'પ્રસૂતિના કાર્યમાં આજ સુધી ઇશ્વરે મને અપયશ અપાવ્યો નથી.'

એક સમયની વાત છે. જયારે ગામડામાં તમામ પ્રકારના કારીગર વર્ગ સમયે સમયે કામની શોધમાં આવતા. એ સમયે ગામમાં પતરાનાં ડબ્બા, રીપેર કરવા તેમજ તેમનાં ઢાંકણાં બનાવવાની કામગીરી કરનારી એક વાઘરી કોમની બાઇ આવેલી. ગામમાંથી પસાર થતી નદીના કિનારે આજે પણ ચતુરજી ઠાકોરની ખલવાડ નામની એક જગ્યા છે. જયાં આ બાઇને પ્રસૂતિની પીડા ઉપડી. બાળકો દોડતા રેવાબાને શોધી લાવ્યા. અંધારૂં થવા આવ્યું હતું. રેવાબાએ જોયું કે તરત જ કહ્યું કે હજુ થોડી વાર છે તો આ બાઇને નજીકમાં હાઇસ્કૂલ પાસે બહુચર માતાના મંદિરે લઇ આવો. બાઇને મંદિરે લઇ ગયા. બાજુમાં હાઇસ્કૂલના સ્ટાફ ક્વાટર્સ જેમાં પરિવારો રહે.

બધા ભેગા થઇ ગયા. રેવાબાએ શાળા પરિવારના બહેનોને કહ્યું કે તમે આ બાઇને શીરો ખવડાવો અને હું પ્રસૂતિ કરાવું. ઇશ્વર કૃપાથી પ્રસૂતિ થઇ ગઇ. દીકરો અવતર્યો શાળાના શિક્ષકોના પરિવારે ગરમ ગરમ શીરો રાંધીને પ્રસૂતા બાઇને ખવડાવ્યો. આ રીતે આ બાઇની પ્રસૂતિ કરાવી.

હમણાં થોડા સમય પૂર્વે એ જ પતરાનાં ડબ્બા રીપેર કરનારા બાઇ ગામમાંથી નીકળી. રેવાબા અને આ બાઇ એક બીજાને ઓળખી ગયા. રેવાભાઇએ આ પ્રસંગને યાદ કરી એ દીકરાના સમાચાર પૂછ્યા તો બાઇએ દુઃખી સ્વરે કહ્યું એ જ દીકરો અત્યારે મારી સેવા કરતો નથી.

પ્રસૂતિના કામમાં અનુભવી અને હોંશિયાર એવા કે ડીલીવરીનો સમય બાળકની પરિસ્થિતિ બધુ તરત જાણી જાય. પ્રસૂતિના કામે બધા પણ અગાઉ લખ્યું તેમ લાલચ નહીં. અપેક્ષા ખરી. રેવાબા કહે આપે તેની જય અને ન આપે તેની પણ જય. સંસ્કારીતા એટલી કે પોતે જરૂરિયાતમંદ હોવા છતાં ગરીબ પરિવારનું કંઇ જ લેવાનું નહીં એવો નિયમ.

એક વખત નજીકની ક્ષણોમાં પ્રસૂતિ થાય એવી પ્રેગનન્ટ કુતરીને જોઇ અને રેવાબાના મોમાંથી જીભ નીકળી ગઇ અને બોલ્યા આ કૂતરી તો બચશે નહિ. પણ તેના પેટમાનું ગલુડીયું પણ જો મોડું થશે તો નહીં બચે. હાજર લોકોએ કુતરીને પકડી. એવામાં રેવાબાના ફળિયાના જમાભાઇ રાવળની પત્ની આવ્યા. તેમને એ કુતરીને બરાબર પકડીને રેવાબાએ આવડતપૂર્વક ગલુડીયું ખેંચી લીધું અને ગલુડીયું બચી ગયું. આમ જીવ દયાનો જીવ એટલે રેવાબા.

એમને બે દીકરા, મંગભાઇ અને રતિભાઇ. રેવાબા કહે બંને દીકરા સેવા કરે છે. પણ મારો મંગો તો કળિયુગનો શ્રવણ, મારી ખૂબ સંભાળ રાખે, અત્યારે તેઓ મંગાભાઇ સાથે રહે છે. રતિભાઇ પરિવાર સાથે થોડા થોડા સમયે રેવાબાને મળવા અચૂક જાય. આમ સંપી પરિવાર.

રેવાબા કોઇને ઘેર જાય તો કામ જાતે શોધી લે. ઘરના બધા કામ આવડે જેવાં કે દળણું કરવું, વિણવું વગેરે... રેવાબાનું અન્યના ઘેર જવું જેટલું સહજ સામેના માણસનું સ્વીકારવું એટલું જ સહજ.

સામાન્ય પરિવારમાંથી આવે. ઘરમાં પરિવાર સિવાય પણ પરિવારના સભ્ય જેવાં કે બકરી અને ઊંટ પણ ખરા કારણ કે ઊંટગાડી એ તો એમનો વ્યવસાય. બકરી અને ઊંટ માટે ચારો લેવા પણ જાતે જાય અને આ મુંગા પશુઓને ખોરાક ને પાણીનો સમય પણ સાચવી લે. રેવાબાના જીવનમાં ક્યારેક કોઇના પ્રત્યે ફરિયાદ કે અસંતોષનો સૂર તેમને કાઢ્યો નથી. એમનો જીવન મંત્ર છે. ફરતા રહીએ તો પગ ચાલે નહીં તો અકળાઇ જવાય. અધ્યાત્મમાં પણ સ્પષ્ટ એમનો મંત્ર છે કે શ્રદ્ધા રાખવી પણ બાબા આખડી માનતા નહી. સંતોષનું સામ્રાજ્ય ધરાવનારાને અસંતોષની ભૂખ ક્યાંથી જાગે?